For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## અશ્રુભીની આંખો સાથે સુરતમાં ભક્તો દ્વારા ગૌરી-ગણેશનું વિસર્જન...













■ શહેરમાં શ્રીજીની સ્થાપનાના છ દિવસ પૂર્ણ થવાની સાથે જ ગણેશ વિસર્જનની પ્રક્રિયા પણ ભક્તિમય વાતાવરણ વચ્ચે શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. પર્યાવરણના જતન અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ ઝોન વિસ્તારોમાં વિશેષ કૃત્રિમ તળાવો ઊભા કરવામાં આવ્યા છે. આજદિન સુધીમાં શહેરના વિવિધ 10 કૃત્રિમ તળાવોમાં કુલ 6,120 નાની-મોટી ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું છે. જેમાં બે જ દિવસમાં 4554 ગૌરી-ગણેશનું વિસર્જન કરાયું હતું. મનપા દ્વારા ગૌરી-ગણેશના વિસર્જન માટે ડુમસ (કાદી ફળિયા-2), ડક્કા ઓવારા, સિલ્વર ચોક નજીક, સરથાણા-પાલ RTO, રામચોક મોટા વરાછા, નવાગામ ડીંડોલી, ખરવર નગર, કોસાડ H-5, ભેસ્તાન ફાયર સ્ટેશન, સુડા સેક્ટર-3 સચિન તેમજ સિંગણપોર D-માર્ટ ખાતે કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યા છે. સુરતમાં ગણેશભક્તો દ્વારા દોઢ દિવસથી માંડીને 3 દિવસ, 5 દિવસ અને 7 દિવસના ગૌરી-ગણેશની સ્થાપના કરવામાં આવે છે. (તસવીર: હેમંત ડેરે)

### સીએમ ડેશબોર્ડમાં 34 જિલ્લાના રેન્કે સુરતની કામગીરીની પોલ ખોલી

# આખા રાજ્યમાં નાગરિકોના પ્રશ્નોના નિરાકરણમાં સુરતનો છેક 27મો ક્રમ

**સંકલન** બેઠકમાં કલેક્ટરે અધિકારીઓને તાકીદ કરી, હવે ટોપ-10માં આવવા સામૂહિક મહેનતનો આદેશ

સુરતઃ ડાયમંડ સિટી, ટેક્સટાઈલ સિટી અને ક્લીન સિટી તરીકે દેશ-દુનિયામાં આગવી ઓળખ ધરાવતા સુરતની વહીવટી કામગીરી સામે સીએમ ડેશબોર્ડનો 27મો રેન્ક મોટો સવાલ બનીને સામે આવ્યો છે. ગુજરાતના 34 જિલ્લાઓમાં પડતર પ્રશ્નોના નિરાકરણ અને વિવિધ વિભાગોની કામગીરીના માપદંડમાં સુરતનો ક્રમ 27મો હોવાની સ્થિતિએ શહેર-જિલ્લાના વહીવટી તંત્રની કામગીરી અંગે સવાલો ઊભા કર્યા છે. સ્થિતિ એવી છે કે સુરતને ટોપ-10માં લાવવા માટે જિલ્લા કલેક્ટર તેજસ પરમારે આજે મળેલી સંકલન બેઠકમાં અધિકારીઓને ખાસ તાકીદ કરવી પડી હતી.

સુરત જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર તેજસ પરમારની અધ્યક્ષતામાં મળેલી જિલ્લા સંકલન બેઠકમાં સીએમ ડેશબોર્ડના રેન્કિંગનો મુદ્દો ખાસ ચર્ચામાં રહ્યો હતો. બેઠકમાં કલેક્ટરે સ્પષ્ટ સૂચના આપી હતી કે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની ડેશબોર્ડમાં

...અનુસંધાન પાના 11 પર

### આ પ્રકારની અનેક ફરિયાદોથી લોકો ત્રાસી ગયા છે

» સરકારી કચેરીઓમાં અરજદારને વારંવાર રૂબરૂ બોલાવવો
» અરજી કે ટપાલ લાંબા સમય સુધી રજીસ્ટ્રીમાં પડેલી રહેવી
» ફાઈલમાં બિનજરૂરી વાંધા કાઢવા
» તલાટી સહિતના કર્મચારીઓ ઉપલબ્ધ ન હોવાને કારણે અરજદારોને ધક્કા ખાવા પડે - નાયબ મામલતદાર કક્ષાએ નિકાલમાં વિલંબ થવો
» નિયમ મુજબની નોંધ કરવામાં પણ વિલંબ થતો હોવાની ફરિયાદો નાગરિકો દ્વારા કરવામાં આવે છે.

### પ્રસાદી ધરનારનું કામ સૌથી ઝડપી

આ ઉપરાંત કામ ઝડપથી કરાવવા માટે 'વહીવટ'કરવો પડે છે અને સામાન્ય અરજદારનું કામ લટકતું રહે છે તેવી ફરિયાદો પણ સમયાંતરે સામે આવતી રહી છે. આ પ્રકારની ફરિયાદો અને આક્ષેપોની સત્યતા દરેક કિસ્સામાં તપાસનો વિષય છે, પરંતુ આવી સ્થિતિ વચ્ચે સીએમ ડેશબોર્ડ પરનો 27મો ક્રમ વહીવટી તંત્રની કાર્યક્ષમતા સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

### 'ફાઈલનો નિકાલ'નહીં, નાગરિકને પરિણામ જોઈએ

સંકલન બેઠકમાં કલેક્ટર તેજસ પરમારે અધિકારીઓને માત્ર કાગળ પર કાર્યવાહી પૂર્ણ કરવાને બદલે નાગરિકના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા સૂચના આપી હતી. જનપ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવતી રજૂઆતોનો સમયમર્યાદામાં નિકાલ કરવો, સંબંધિત વિભાગો વચ્ચે સંકલન સાધવું અને જરૂર પડે તો જનપ્રતિનિધિઓ સાથે અલગ બેઠક કરીને પ્રશ્નનો ઉકેલ લાવવો તેમ તેમણે જણાવ્યું

...અનુસંધાન પાના 11 પર

### પાણીથી માંડીને ટ્રાફિક અને ગંદા પાણી સુધીના પ્રશ્નો

સંકલન બેઠકમાં કેચ ધ રેઇન, ટ્રાફિક સમસ્યા, નેશનલ હાઈવે, રસ્તા પર સ્ટ્રીટલાઈટ, પશુ દવાખાના, પીવાના પાણીની પાઈપલાઈન, પ્રોપર્ટી કાર્ડ, ખાડીમાં છોડાતા ગંદા પાણીનો નિકાલ, નોટિફાઈડ વિસ્તારમાં પીવાનું પાણી, જેટકો અને જી.ઈ.બી.ના વીજ વાયરો, બોરવેલ કરીને ટેન્કર મારફતે પાણી પહોંચાડવા તથા રેતી ખનન જેવા મુદ્દાઓ જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ પ્રશ્નોમાં સંબંધિત વિભાગો વચ્ચે સંકલન કરીને માત્ર જવાબ આપવાનો નહીં પરંતુ કાયમી ઉકેલ લાવવાનો આદેશ કલેક્ટરે આપ્યો હતો.

# લસણ પણ હવે આસમાને, કિલોનો ભાવ 300 રૂપિયાથી પણ વધુ

**હોલસેલમાં** પણ સુરતની માર્કેટમાં લસણનો ભાવ 220થી વધી ગયો

**લસણ** મોંઘું થતા ગૃહિણીઓ 80 રૂપિયામાં 250 ગ્રામ ખરીદીથી કામ ચલાવવા મજબૂર

સુરતઃ જો તમારા ઘરમાં આજે શાક વઘારતી વખતે લસણની સુગંધ ઓછી આવી રહી હોય, તો સમજી લેજો કે કારણ સ્વાદ

...અનુસંધાન પાના 11 પર

### કેમ સર્જાઈ આ તંગી?



» **મધ્યપ્રદેશમાં મોસમનો મારઃ** સુરતમાં મુખ્યત્વે મંદસોર, નિમચ, બડનગર અને પીપળીયાથી લસણ આવે છે. પૂરતો વરસાદ ન થવાથી અને પાકમાં રોગચાળો આવતા ઉત્પાદન સાવ તળિયે બેસી ગયું છે.
» **માંગ સામે પુરવઠો સાવ ઓછોઃ** લગ્નસરાની સિઝન ચાલતી હોવાથી સુરતમાં રોજ 25થી 30 ટ્રક લસણની જરૂરિયાત રહે છે. તેની સામે હાલ માંડ 3થી 4 ટ્રક લસણ જ માર્કેટમાં આવી રહ્યું છે!
» **અન્ય બજારોની સ્થિતિઃ** સૌરાષ્ટ્રના ગોંડલ તેમજ મહારાષ્ટ્રના નાસિક અને ધુળેથી આવતી થોડીઘણી આવક પણ આ મોટી માંગ પૂરી કરવા માટે પૂરતી નથી.

### હવે રામપુર અને શિમલા જ આશાનું કિરણ!

મધ્યપ્રદેશથી આવતો માલ ઘટી જતાં વેપારીઓએ હવે ઉત્તરપ્રદેશના રામપુર અને હિમાચલ પ્રદેશના શિમલા તરફ દોટ મૂકી છે. વેપારીઓએ ત્યાંથી સૂકું લસણ મંગાવવાના ઓર્ડર આપી દીધા છે. વેપારીઓના જણાવ્યા મુજબ, યુપીનું રામપુર ઉત્તમ ગુણવત્તાવાળા

...અનુસંધાન પાના 11 પર

# ગોટાલાવાડી ટેનામેન્ટમાં રોગચાળો, આશરે 50 બાળકોને ડેન્ગ્યુ-મેલેરિયા

**ટેનામેન્ટ** નવું બનાવ્યા બાદ ગટર અને પાણીના નિકાલની ગંભીર સમસ્યા

**પાણી** ભરાઈ જવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે અને મનપા નિંદ્રામાં



સુરતઃ શહેરમાં વરસાદ બાદ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વ્યાપકપણે વકરતાં પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. કતારગામ વિસ્તારના ગોટાલાવાડી આવાસ પરિસરમાં અચાનક 40થી 50થી વધુ બાળકો વાયરલ ફીવર, ડેન્ગ્યુ અને મેલેરિયા જેવી ગંભીર બીમારીઓની ઝપેટમાં આવતાં સ્થાનિકો તંત્ર સમક્ષ રોષે ભરાયા છે. બાળકો ઉપરાંત વડીલો

...અનુસંધાન પાના 11 પર

### ઝોનની ટીમ સરવે માટે ગઈ હતી, 2 બાળકો બીમાર છેઃ કે.આઈ. ખત્રી

કતારગામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી કે.આઈ.ખત્રીએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગની ટીમ સ્થળ વિઝીટ માટે ગઈ હતી. હાલ 2 બાળકો બિમાર હોવાનું તેઓને જાણવામાં આવ્યુ હતું, જેથી આરોગ્યની ટીમ દ્વારા સરવે પણ કરાયો હતો. સ્થાનિકોએ ફરીયાદ કરી હતી કે, આ ટેનામેન્ટ પરિસરમાં વ્યવસ્થિત કામ કરાયું નથી જેથી વરસાદમાં પાણી ભરાવો

...અનુસંધાન પાના 11 પર

# બાથરૂમમાં નાહવા ગયેલી ધો.11ની વિદ્યાર્થિની બેભાન મળી, ગેસ ગૂંગળામણની શક્યતા

**કતારગામમાં** રહેતી પ્રિયમ વરીયા ગણેશજીની આરતીમાં જવાની તૈયારી માટે નાહવા બાથરૂમમાં ગયા બાદ દોઢ કલાક સુધી બહાર આવી નહીં

**પરિવારે** બૂમો પાડી પણ પ્રિયમનો પ્રતિસાદ નહીં મળતા દરવાજો તોડાયો, હોસ્પિટલમાં મૃત જાહેર કરાઈ

### સ્મીમેરમાં પીએમ કરાયું, વિશેરા તપાસ માટે મોકલાયા

સ્મીમેર હોસ્પિટલમાં પ્રિયમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ફોરેન્સિક વિભાગના ડો. સંદિપના જણાવ્યા મુજબ પોસ્ટમોર્ટમ દરમિયાન લેવામાં આવેલા સેમ્પલ હિસ્ટોપેથોલોજી અને માઇક્રોબાયોલોજી વિભાગમાં મોકલવામાં આવ્યા છે. આ રિપોર્ટ મળ્યા બાદ વિદ્યાર્થિનીના મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

સુરતઃ કતારગામ વિસ્તારમાં ધોરણ-11 કોમર્સમાં અભ્યાસ કરતી 15 વર્ષીય વિદ્યાર્થિનીનું બાથરૂમમાં રહસ્યમય સંજોગોમાં મોત થતાં પરિવાર સહિત સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સવારે સોસાયટીમાં ગણેશજીની આરતીમાં જવાનું હોવાથી ન્હાવા ગયેલી વિદ્યાર્થિની બાથરૂમમાં ગેસ ગુંગળામણથી બેભાન થઈ હતી. બહાર ન આવતા પરિવારે દરવાજો તોડી હોસ્પિટલ લઈ જતા તબીબે મૃત જાહેર કરી હતી.

સ્મીમેર હોસ્પિટલમાંથી મળેલી વિગતો મુજબ કતારગામના ગુણાતીતનગર વિસ્તારમાં રહેતી પ્રિયમ જીગ્નેશભાઈ વરીયા શનિવારે સવારે ગણેશજીની આરતીમાં જવાની હતી. આ માટે તે સવારે બાથરૂમમાં ન્હાવા ગઈ હતી. ન્હાવા ગયા બાદ એકથી દોઢ કલાક જેટલો સમય વીતી ગયો હોવા છતાં તે બહાર ન આવતાં પરિવારજનોને ચિંતા થઈ હતી. પરિવારજનોએ બાથરૂમનો દરવાજો ખખડાવીને પ્રિયમને અનેક વખત

...અનુસંધાન પાના 11 પર

# ભાડેની કાર અથડાતાં નુકસાનીના નાણાં માટે ત્રાસ અપાતાં સગીરે આપઘાત કરવો પડયો હતો

**આપઘાત** કરનાર વીર ઢોલરીયાએ નાણાં કટકે-કટકે ચૂકવી દીધા છતાં ભાવેશ સાંગડીયા હેરાન કરતો હતો

**વીર** નાના વરાછાની સરદાર સ્કૂલમાં ધો.10માં અભ્યાસ કરતો હતો, ભાવેશે તેને મારી નાંખવાની ધમકી પણ આપી હતી

સુરત :નાના વરાછા વિસ્તારમાં રહેતા અને ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા ૧૫ વર્ષીય વિદ્યાર્થી વીરે વ્યાજખોરી અને ત્રાસથી કંટાળીને અનાજમાં નાખવાની ઝેરી દવા પીને જીવન ટૂંકાવી લીધું છે. કાર અકસ્માતમાં થયેલા નુકસાનના નાણાં કટકે-કટકે ચૂકવી દીધા હોવા છતાં મધ્યસ્થી ભાવેશ સાંગડીયા નામના શખ્સે ગાળો આપી, માર મારી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી માનસિક ત્રાસ આપતા કિશોરે આ અંતિમ પગલું ભર્યું હતું. આ મામલે સરથાણા પોલીસે આરોપી ભાવેશ સાંગડીયા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નાના વરાછાની સરદાર

...અનુસંધાન પાના 11 પર

### સારોલી ખાતેની શ્યામ સંગિની માર્કેટમાં વેપારીઓને 24 કરોડનું નુકસાન કરનાર આગમાં

# આગ લગાડનાર ઓળખાયો પણ પકડાયો નહીં

**આગની** રાત્રે પડોશીઓને જાત્રા જતો હોવાનું કહી વિનોદ પત્ની, બે બાળકો સાથે ઘરને તાળું મારી ફરાર

**પોલીસ** મહારાષ્ટ્રમાં વિનોદના વતન પહોંચી પણ ત્યાંથી પણ મળ્યો નહીં, પોલીસે રાજસ્થાન, મહારાષ્ટ્ર અને બિહાર સુધી ટીમ રવાના કરી



સુરતઃ સારોલીની શ્યામશ્યામ સંગિની માર્કેટમાં આગ ચાંપી વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડનારને પોલીસે ઓળખી કાઢ્યો છે પરંતુ ઘટનાના 11 દિવસ થવા છતાં પણ હજુ સુધી પોલીસ તેને પકડી શકી નથી. માર્કેટમાં આગ લગાડનાર ડિંડોલીનો વિનોદ સાવલે છે. આજ માર્કેટમાં છઠ્ઠા માળે આવેલી દુકાનમાં અગાઉ એકાઉન્ટન્ટ તરીકે કામ કરતાં વિનોદનું પોલીસે ડિંડોલીનું તેનું એડ્રેસ શોધી લીધું પરંતુ ત્યાંથી પરિવાર સાથે વિનોદ ભાગી ગયો. પોલીસની ટીમ મહારાષ્ટ્રમાં તેના વતન સુધી પહોંચી પરંતુ ત્યાં પણ

...અનુસંધાન પાના 11 પર

### અગાઉ આજ માર્કેટમાં વેપારીની દુકાનમાં એકાઉન્ટન્ટનું કામ કરતો હતો

તપાસમાં વિનોદનો આગની ઘટનામાં નુકસાન થયેલી દુકાનના વેપારી હનુમાન પ્રસાદ ઝવર સાથેનો અગાઉનો સંબંધ પણ સામે આવ્યો છે. વિનોદ મે-જૂન મહિનામાં હનુમાન પ્રસાદની દુકાનમાં એકાઉન્ટ અને ટેક્સ સંબંધિત કામગીરી કરતો હતો. તેનું કામ યોગ્ય ન જણાતા તેની જગ્યાએ અન્ય વ્યક્તિને

...અનુસંધાન પાના 11 પર

### પોલીસ પહોંચી તે પહેલાં જ પરિવાર સાથે ઘર છોડ્યું

વિનોદના ઘરે પોલીસની ટીમ પહોંચી ત્યારે તે મળી આવ્યો નહોતો. તપાસમાં જાણવા મળ્યું કે આગ લગાવ્યાની રાત્રે જ વિનોદ પડોશીઓને પરિવાર સાથે જાત્રાએ જવાનું કહી પત્ની અને બાળકો સાથે ઘરેથી નીકળી ગયો હતો. ત્યારથી તેનો અને તેની પત્નીનો મોબાઇલ ફોન પણ બંધ મળી રહ્યો છે. આથી પોલીસને શંકા છે કે સીસીટીવીમાં પોતાની હિલચાલ કેદ થઈ હોવાનું જાણ્યા બાદ વિનોદે પોલીસને ચકમો આપી ગુજરાત છોડ્યું હોઈ શકે છે.

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

ભાવભીની શ્રદ્ધાંજલિ





"નિત્ય અમારા મનમાં...
નિરંતર અમારા હૃદયમાં..."
અમારા સૌના હૈયે ને હોઠે
છે એક જ પ્રાર્થના...
જીવો અમારા હૃદયમાં,
જીવો અમારા ચેતનમાં.
તમે જીવો સદૈવ- સર્વદા...

સ્વ. પ્રતિભાદેવી ચૌધરી
સ્વ. તા. ૩૦-૯-૨૦૧૮

સ્વ. સુધીરચંદ્ર ચૌધરી
સ્વ. તા. ૨૦-૯-૨૦૦૭

રાકેશ ચૌધરી અને પરિવાર

ત્રીજી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા, આપનો પ્રેમ કદી ભુલાશે નહી. અને આપની ખોટ પરિવારમાં કયારેય પુરી શકાશે નહી. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.નયનાબેન સુનીલભાઈ પટેલ
સ્વ.તા. ૨૦/૦૯/૨૦૨૩
ભાદરવો સુદ પાંચમને બુધવાર

લિ. સુનીલભાઈ રમણભાઈ પટેલ
બ્રિજેશ (બંટી) એસ. પટેલ મમતાબેન બી. પટેલ
મોન્ટુ જે. પટેલ અનીતાબેન એમ. પટેલ
મયુર એસ. પટેલ (એડવોકેટ) કિરણબેન એમ. પટેલ (એડવોકેટ)
બ્રિજેશ એસ. પટેલ
વિષ્ણુ, નિવાન, કિયાંશ તથા સમસ્ત પરિવાર
રાયણવાડી, મું.પો. માસમા, તા.ઓલપાડ, જી.સુરત.

છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



ભક્તિ તમે કરી પુણ્ય, અમને સૌને મળ્યા,
સંઘર્ષ તમે કર્યા, સુખ સૌને આપ્યુ,
કર્મ તમે કર્યા ફળ સૌને આપ્યા
આપવું એજ આપનો જીવનમંત્ર હતો,
તમે શું લઈ ગયા, પણ આપી ગયા ઘણું અમોને.
'આપની સ્મૃતિ એક વરદાન છે'
પ્રભુ આપના દિવ્યા આત્માને ચિર શાંતિ અર્પે એજ સહૃદય થી પ્રાર્થના...

સ્વ. શ્રી કાંતિલાલ હસમુખલાલ ગુંદરીયા
પુણ્યતિથિ:૨૭-૦૮-૨૦૨૦

લિ.
ગં. સ્વ કૈલાસબેન કાંતિલાલ ગુંદરીયા
પ્રેમલ કાંતિલાલ ગુંદરીયા વૈશાલી પ્રેમલ ગુંદરીયા
કલ્પેશ કાંતિલાલ ગુંદરીયા તેજલ કલ્પેશ ગુંદરીયા
હિતેશ કાંતિલાલ ગુંદરીયા જેનીશ હિતેશ ગુંદરીયા
સમસ્ત ગુંદરીયા પરિવાર
Lady LACES C.V.& Co. SATYAM SIZING

પ્રાર્થના સભા



પરમ ભગવદીય અસ્મદ પિતૃચરણ
શ્રી જયેશકુમાર જગમોહનદાસ ભગત (IOB BANK)
અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂજનીય શ્રી જયેશકુમાર જગમોહનદાસ ભગત તારીખ : ૧૯-૦૯-૨૦૨૬, શનિવાર ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુ દિવ્ય આત્માને પોતાના ચરણોમાં પરમ શાંતિ અને નિત્ય લીલાનું સુખ પ્રદાન કરે તેવી શ્રીજી ચરણમાં પ્રાર્થના.
સદ્‌ગતનું બેસણું (પ્રાર્થનાસભા) નીચે મુજબ રાખેલ છે :
તારીખ: ૨૦-૦૯-૨૦૨૬ (રવિવાર)
સમય: સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦ વાગ્યે
સ્થળ: જીવન મંગલ હોલ, પહેલો માળ, કવિ કલાપી ગાર્ડન પાસે, જીવન વિકાસ સ્કુલ ટ્રસ્ટ, ગુજરાત ગેસ કંપની ની બાજુમાં,
સંપર્ક: અડાજણ ગામ, અડાજણ રોડ, સુરત. ફોન: 9033691201 / 9978869747
શોકાતુર (પરિવાર)
સોહિણી ભગત
પ્રમોદ ભગત – ઉષા ભગત ઋષભ શાહ – અવની ઋષભ શાહ
નિલેશ ભગત – હર્ષા ભગત કનૈયા પચ્ચીગર – મિત્તલ કનૈયા પચ્ચીગર
જન્મેય ઋષભ શાહ – સ્વયમ કનૈયા પચ્ચીગર
પિયર પક્ષ :
શિરીષ શાહ – નિમિષા શાહ
જયેશ શાહ – મિત્તલ શાહ
સુધીર પરીખ – પ્રફુલ્લા પરીખ

અનાવિલ અવસાન–પ્રાર્થના સભા



સ્વ. જગદીશ નાનુભાઈ દેસાઈ
જ. તા.૨૪/૧૨/૧૯૩૮ સ્વ. તા.૧૮/૦૯/૨૦૨૬

અમારા અઠવાવાળા પરિવારના આત્મીય સ્વજન શ્રી જગદીશ નાનુભાઈ દેસાઈ (દેલાડવા, સુરત) (નિવૃત્ત-સેન્ટ્રલ બેંક) તા. ૧૮/૦૯/૨૦૨૬નાં રોજ શ્રી રંગ શરણ થયા છે.
એમની સંયુકત પ્રાર્થના સભા તા.૨૧/૦૯/૨૦૨૬ને સોમવારનાં દિવસે સાંજે ૪ થી ૬ કલાકે શ્રી દયાળજી આશ્રમ, સંસ્કાર ભવન, બીજો માળ, મજુરા ગેટ, સુરતનાં સ્થળે રાખવામાં આવેલ છે.
સ્વ. નાનુભાઈ ભીમભાઈ દેસાઈ (પિતા) સ્વ. દુર્ગાબેન નાનુભાઈ દેસાઈ (માતા)
સ્વ. વસંતરાય નાનુભાઈ દેસાઈ (ભાઈ) સ્વ. બકુલાબેન વસંતરાય દેસાઈ (ભાભી)
ટેમીનાબેન જગદીશચંદ્ર દેસાઈ (પત્ની)
સ્વ. મુકુંદચંદ્ર નાનુભાઈ દેસાઈ (ભાઈ) જરમીન જગદીશચંદ્ર દેસાઈ (પુત્ર)
સ્વ. રાજેન્દ્ર નાનુભાઈ દેસાઈ (ભાઈ) પારૂલ જરમીન દેસાઈ (પુત્રવધુ)
હિતેન્દ્ર નાનુભાઈ દેસાઈ (ભાઈ) માધવ જરમીન દેસાઈ (પૌત્ર)
સ્વ. દુષ્યંત વસંતરાય દેસાઈ (ભત્રીજા) બીજલ (પુત્રી) ચીરાગ (જમાઈ) દેસાઈ
અમર મુકુંદચંદ્ર દેસાઈ (ભત્રીજા) વિધી (દોહિત્રી) ઈશાન (દોહિત્ર)
હેમલ રાજેન્દ્રભાઈ દેસાઈ (ભત્રીજા) તથા સમસ્ત ભીમભાઈ મોરારજી દેસાઈ
પ્રતિક હિતેન્દ્રભાઈ દેસાઈ (ભત્રીજા) અઠવાવાળા પરિવાર
શ્વસુર પક્ષઃ સ્વ. રમણલાલ બાપુભાઈ દેસાઈ, સ્વ. ભરતભાઈ (ધનંજય) ઠાકોરભાઈ દેસાઈ, સ્વ. લલીતાબેન રમણલાલ દેસાઈ, મન્નાબેન રશ્મીકાંતભાઈ વશી
નિવાસ સ્થાનઃ ૧૨, ગેટ નં. ૨, પુષ્પરાજ રો–હાઉસ, ચાઈના ગેટ–૨ પાસે, ઉધના મગદલ્લા રોડ, અલથાણ, સુરત–૩૯૫૦૧૭